ગાંધીનગર **તાપમાન**
મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૭ ટકા

# લૉકડાઉન બાદ શહેર કેવી રીતે કાર્યરત બનશે?

## લૉકડાઉનના ત્રીજા તબક્કા બાદ શહેરની પ્રવૃત્તિઓ કેવી રીતે ચાલશે તે સંદર્ભે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓના મંતવ્યો

ગાંધીનગર, તા.૧૧

કોરોનાને કારણે શહેર આખું લૉકડાઉનનું પાલન કરી રહ્યું છે. શહેરમાં થતી તમામ પ્રવૃતિઓ હાલ બંધ છે. શાળા કોલેજ ધંધા રોજગાર સાંસ્કૃતિક કાર્યક્રમો ધાર્મિક સંસ્થાઓ દ્વારા થતાં કાર્યો તથા ધાર્મિક સ્થળો આ દરેક હાલ દર વર્ષની જેમ પોતાનું કાર્ય કરી શકતા નથી. પરંતુ લૉકડાઉન બાદ આ તમામ ક્ષેત્રે જોડાયેલ નગરજનો કઈ રીતે આ પ્રવૃત્તિઓને આગળ ધપાવશે તે અંગે તેમના પાસેથી જાણીએ.

●●●

લોક ડાઉન પહેલા શાળામાં માસ પ્રમોશન આપવામાં આવ્યું હતું તેનું રિઝલ્ટ બની ગયું છે તેને સરકાર ની ગાઈડલાઈન મુજબ લૉકડાઉન સુધીમાં ટેકનોલોજીના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી દેવાશે. જે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે તેમના ઓનલાઈન એડમિશન શરુ થઈ ગયા છે જે ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે. શાળાના સ્ટાફ દ્વારા હાલ ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. જે વિદ્યાર્થીઓ લાભ ન લઈ શકે તેમને ડિસ્ટન્સ લર્નિંગ દ્વારા શિક્ષણની પણ ગાઈડ લાઈન આપવામાં આવી છે. જે વાલીઓ બાળકની માનસિક સમતુલા અંગે ચિંતિત હોય તે બાળકોને કાઉન્સેલીંગ પણ પુરું પાડવામાં આવી રહ્યું છે. જે બાળક પાસે સાદા ફોન હોય તેને ટેલિફોનિક માર્ગદર્શન આપી તેમના શિક્ષણ પ્રત્યેના ઉત્સાહમાં વધારો કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત માતા-પિતા પણ ઓનલાઈન શિક્ષણમાં સામેલ થઇ રહ્યા છે. લોકડાઉન ખુલ્યા બાદ જો સરકાર દ્વારા શાળા શરૂ કરવા માટેની ગાઈડ લાઈન બહાર પાડવામાં આવે તો અમે જેમની પાસે ઓનલાઈન ભણવાની સગવડ છે તેમને ઘરે બેસીને જ ભણાવીશું બાકીના છોકરાઓને સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આપેલી ગાઈડલાઈન મુજબ શાળાએ બોલાવીશું. શાળાએ બોલાવતા વખતે સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે માટે માસ્ક અને સેનિટાઈઝરનો ઉપયોગ કરીશું અને વ્યવસ્થાના ભાગરૂપે ગ્રીનવુડ નીચે પણ ભણાવી શકીએ આ ઉપરાંત જો જરૂર પડે તો શાળામાં કાઉન્સેલરની નિમણુક પણ કરવામાં આવશે. મહત્તમ રૂપે ડીજીટલ ક્લાસરૂમની સુવિધા ઉભી કરવામાં આવશે મર્યાદિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવા છતાં વધુ પ્રોડક્ટિવિટી આપવાનો પ્રયત્ન કરીએ છીએ અને કરતા રહીશું.



**- ડો.ચેતના બુચ, પ્રિન્સીપાલ, શેઠ સી. એમ. હાઈસ્કુલ**

●●●

કિશોર ક્લાસીસ ગાંધીનગર દ્વારા લૉકડાઉન ખૂલે ત્યારે ઈન્સ્ટિટ્યૂટના તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ કોરોનાથી ભયમુક્ત અને સુરક્ષિત રહે તે હેતુથી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા એન્ટ્રી માં જ દરેક ના હાથ અને સંપૂર્ણ બોડી તાપમાન માપી શકાય તેવા આધુનિક ઉપકરણોની વ્યવસ્થા કરવામાં આવશે.



દરેક સ્ટાફ, વાલી તથા વિદ્યાર્થીઓ માટે કાપડનું માસ્ક ફરજિયાત કરવામાં આવશે. દરેક વર્ગમાં સોશીયલ ડીસ્ટન્સીંગનું ફરજિયાત પણે પાલન કરવામાં આવશે. પાણીની બોટલ દરેકે પોતાની અલગ ઘરે થી જ લાવવાની રહેશે અને ખાસ વિધાર્થીઓ કોરોનાથી ભયમુક્ત થાય અને જવાબદારી પૂર્વક તકેદારી રાખે તથા રોગપ્રતિકારકશક્તિ વધે તેવો ખોરાક લે તે માટે સેમીનારનું પણ આયોજન કરવામાં આવશે.

જો કે આ લોક ડાઉનની કંડીશનમાં પણ ૧૦ માં અને ૧૨ માં ના વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહીં અને વિદ્યાર્થીઓ પ્રવૃત્તિશિલ રહે તે હેતુથી સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ફ્રી ઓનલાઇન શિક્ષણ આપવાની તો ઘણી વહેલી આ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા શરૂઆત કરી દેવામાં આવી છે અને સમગ્ર ગુજરાતમાંથી ૧૦૦૦ થી વધુ ઉત્સાહી વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ રહ્યા છે.

**- કિશોર સર**
**(કિશોર ક્લાસીસ)**

●●●

હાલના દિવસોમાં અમે વિડીયો પ્રેઝન્ટેશનથી બેલેન્સ ઘરે એક્ટિવિટી કરાવી શકે તે માટે અમારી વેબસાઈટ ઉપર રાઈમ્સ અને અલગ અલગ એક્ટીવીટી સાથે ટીચર દ્વારા બનાવેલ વિડિયો અપલોડ કરીએ છીએ. આ ઉપરાંત અમારી અપ્લીકેશન ઉપર શિક્ષકો દ્વારા દર બે દિવસે બાળકો માટે અલગ અલગ વિષય આધારિત વિડિયો અપલોડ કરવામાં આવે જ છે. દરરોજની પ્રવૃત્તિઓનું લીસ્ટ પણ અપાય છે. અને પેરેન્ટ્સ પણ આ કાર્યમાં સંપૂર્ણ રીતે જોડાય છે. લોક ડાઉન ખુલશે ત્યારબાદ બાદ એક બે અઠવાડિયા બાદ અમે પહેલા તો સ્કૂલને સંપૂર્ણ સેનીટાઇઝ કરી ઓફિસ શરૂ કરીશું .પહેલા હું અને અમારા શિક્ષકો ભેગા મળીને શાળામાં બાળકોને સોશિયલ ડિસ્ટન્સ કઈ રીતે શીખવવું અને કઈ રીતે શિક્ષણને મેનેજ કરવું તે અંગેની પોતે જ પ્રેક્ટિસ કરીશું અને અમારી શાળાની ગાઈડ લાઈન બનાવીશું. ત્યારબાદ દરેક ગાઈડ લાઈનનો એક વીડિયો બનાવી પેરેન્ટ્સને મોકલીશું. જ્યાં સુધી લોક ડાઉન ન ખૂલે ત્યાં સુધી તો ઓનલાઈન શિક્ષણથી જ કાર્યરત રહીશું.



**- સાર્થક શ્રેય, ડાયરેક્ટર,**
**કિડ્ઝી સરગાસણ, ગાંધીનગર**

●●●

કોરોનાને કારણે ધાર્મિક આયોજન થવાનું નથી ધાર્મિક ઉત્સવો પણ ના થાય અને હજી આગળ પણ નહીં થાય મંદિર સિવાય યજમાનો પોતપોતાના ઘરે હવન યજ્ઞ કે નવચંડી કરાવતા તે હવે આગળના દિવસોમાં પણ નહીં થઈ શકે ફક્ત એક જ ધાર્મિક કાર્ય ચાલુ છે લૌકિક ક્રિયા અને તેમાં પણ હાલ યજમાનો જ્ઞાતિ ભોજન કરાવવાનું ટાળે છે અને ઘર ઘરાવ જ વિધિ પૂરી કરવામાં માને છે. શ્રાવણ માસ સુધી આ મહામારી થોડેક અંશે નોર્મલ થાય તો કંઈક થઈ શકે. શહેરના મંદિરોમાં વધુ ભક્તજન ન આવે તેનું ધ્યાન રખાય છે. અમુક મંદિરમાં ઈલેક્ટ્રીક નગાડું કે ઘંટડી નથી અને હાલ વગાડવા વાળુ પણ કોઈ નથી ત્યાં મહારાજ અ દરેક વિધિ કરી લે છે. માંગલિક પ્રસંગોના બુકિંગ એડવાન્સ કરી લેવામાં આવ્યા હતા પરંતુ લાગે છે કે આ વર્ષે લગ્ન કે યજ્ઞ પવિત્ર એવા પ્રસંગો નહીં થઈ શકે. દર ત્રણ વર્ષે આવતા અધિક માસમાં પણ મંદિરમાં ભક્તિ કદાચ ન થઈ શકે. અમે યજમાનોને ઘરે બેઠા મહામૃત્યુંજય મંત્ર વાતો રામધુન કરવા જણાવ્યું છે આ ઉપરાંત ઓનલાઈન ભક્તિ સત્સંગ પણ ચાલે છે દરેક પોતપોતાની યુ ટ્યુબ ચેનલના માધ્યમથી ભાગવત કથા રામાયણ અથવા તો મહાભારત ના પ્રસંગો શેર કરે છે. ચંડીપાઠ જેવા પાઠ-ભક્તિ કર્મ યજમાન વતી સંકલ્પ લઈ બ્રાહ્મણ સ્વયં કરી રહ્યા છે.



**- અખિલેશ પુરોહિત, ગાંધીનગર યુવા કથાકાર - શહેર ના વિવિધ ધાર્મિક સ્થળો સાથે જોડાયેલ**

●●●

હાલ લાઈવ કિચન કોન્સેપ્ટ છે. લોક ડાઉન પુરુ થયાની શરૂઆતના બે ત્રણ મહિના સુધી ટેક - અવે ઓપ્શનને અમે કંટીન્યુ કરીશું. ત્યારબાદ જો ડાઈનિંગની જરૂર લાગે તો અને સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઈડ લાઈન મુજબ કાર્ય કરીશું. ઈન્ફેક્શનની આપ લે ના થાય તે ઉદ્દેશ્ય થી ફક્ત રસોઈના સ્ટાફ ને જ બોલાવીશું ટેબલ સ્ટાફ સર્વિસના બદલે સેલ્ફ સર્વિંગ ડેસ્ક બનાવી લઈશું, જેથી ઈન્ફેક્શન ના ફેલાય. હોટલ નો દરવાજો ખોલવા માટે એક માણસ રાખીશું. ઉપરાંત કેશિયર પાસે ડિજીટલ ઓપ્શન જ રહેશે જો કેશ લેવા પડે તો ત્યાં પણ સેનીટાઈઝર ની વ્યવસ્થા રાખીશું. ગ્રાહકને હેન્ડ વોશ કરવા માટે ટેબલ સર્વિસ જ આપીશું. ભલે શાકભાજી કે અન્ય વસ્તુ ઓના ભાવ વધે પણ બને ત્યાં સુધી અમે અમારા રૂટિન ભાવમાં વધારો નહી કરીએ.



**- ગજેન્દ્રસિંહ બારડ, રાજવી ફુડ કોર્નર, કુડાસણ**

●●●

આ પ્રશ્ન લાગે છે એટલો સરળ નથી, હું નગરના બાળકોને ભરતનાટ્યમ ની તાલીમ આપી રહી છું. મારા મતે એક વખત લોકડાઉન ખૂલ્યા પછી જ્યારે વિદ્યાર્થીઓ ફરી આવવાનું શરુ કરશે ત્યારે ત્રણ મહિના પછી સૌપ્રથમ કામ તો તેમને જૂનું બધું યાદ કરાવવાનું થશે. આ માટે મેં તેમને અત્યારથી જ ઓનલાઈન અસાઈનમેન્ટ આપવાનું શરૂ કર્યું છે, જેનાથી તેમનામાં ઉત્સાહ અને નવું શીખવાનો તરવરાટ ટકી રહે. લોકડાઉન ખૂલ્યા પછી પ્રથમ તો તેમને આ સામાજીક, શારીરિક અને માનસિક લોકડાઉનમાંથી બહાર લાવવા 'કન્ડિશનિંગ કોર્સ' કરાવવો જોઈએ. પહેલાંની જેમ જ સાહજિક રીતે હળે મળે અને સાથે સાથે આ મહામારી ને ધ્યાનમાં રાખી સાવચેત રહે તે જોવાનું કામ અગત્યનુ છે. વિદ્યાર્થીઓની મોટી એક જ બેચને બદલે નાના બેચ બનાવી સોશિયલ ડિસ્ટન્સ અને હાઈજિનને ધ્યાનમાં રાખી વર્ગો શરૂ કરાવાશે. રૂબરૂ તાલીમની સાથે સાથે જરૂર જણાય તો સોશિયલ પ્લેટફોર્મનો ઉપયોગ કરી આગળનો અભ્યાસક્રમ ઓનલાઈન કરાવવાનો અભિગમ અગત્યનો રહેશે. મને લાગે છે કે પરર્ફોમિંગ આર્ટ વિદ્યાર્થીઓને કોરોનાના કપરા સમય અને લોકડાઉનની વ્યાકુળતામાંથી બહાર લાવવા ઘણે અંશે મદદરૂપ થશે. પરર્ફોમિંગ આર્ટ ની પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય, હાઈજિન અને સામાજિક મદદની ભાવનાનું સિંચન થાય તેવી પ્રવૃત્તિ કરી શકાય તો તે મહત્વનું કામ કર્યું એમ કહેવાશે.



**- નિરાલી પંડયા**
**ભરતનાટ્યમ વિશારદ**

●●●

હાલના સંજોગોમાં કોરોના વાયરસના લીધે સંગીતની પ્રવૃત્તિઓ બંધ હતી પરંતુ લોક ડાઉન લંબાયા બાદ થોડા દિવસ પહેલા જ મે સંગીતના ક્લાસ શરૂ કરી દીધા છે. શરૂઆતમાં થોડું કઠિન લાગ્યું પરંતુ હવે મને અને મારા વિદ્યાર્થીઓ દરેકને આમાં સફળતા મળી છે અઠવાડિયામાં બે વાર ઓનલાઈન ક્લાસીસ લઉ છું અને આનાથી વિદ્યાર્થીઓ પણ સંતુષ્ટ છે. આ ઓનલાઈન ટ્રેનિંગના લીધે અભ્યાસક્રમ અટકી નહીં જાય. અને જો લોક ડાઉન બાદ છૂટછાટ આપવામાં આવે તો હું મારા ક્લાસીસ દરમિયાન થોડા થોડા સમયના અંતરે વિદ્યાર્થીઓને બોલાવીશ અને દરેક માટે માસ્ક ફરજીયાત રહેશે. જ્યારે વાદ્ય સાથે ગાયન ની પ્રેક્ટિસ કરવાની આવે ત્યારે જ વિદ્યાર્થી માસ્ક નીકાળી શકશે.



**- પિનાકીન વ્યાસ**
**સંગીત માર્ગદર્શક**

●●●

કોરોના ની વૈશ્વિક મહામારીમાં અમે આગળ સંસ્થાના કાર્યો વિષયક વિચાર કર્યો નથી. સરકારની ગાઈડ લાઈન મુજબ અમે આગળ દરેક સભ્યો ચર્ચા વિચારણા કરી પ્લાનિંગ કરીશું. નવા વર્ષ ના ફોર્મ તૈયાર છે પણ લોક ડાઉન પતે પછી જ આ બાબતે કંઈ કહી શકાય. ગત વર્ષનો એક જૂનો કાર્યક્રમ બાકી પણ છે માટે લોક ડાઉન બાદ સરકાર દ્વારા યોગ્ય છૂટછાટ મળે ત્યારે એ પ્રોગ્રામ કરીને નવા મેમ્બર્સ માટે ફોર્મ ડિસ્ટ્રીબ્યુટ કરીશું.



**- રમેશ પટેલ**
**પ્રમુખ, સંસ્કૃતિ સંસ્થા**

●●●

લોક ડાઉન પૂર્ણ થયા બાદનો સમય કસોટી રૂપ અને પડકારજનક રહેશે. દિલ મજબૂત કરી પાપા પગલી ભરવાની છે. એક નવા જીવનની શરૂઆત.... લોક ડાઉનની પૂર્ણાહુતિ સાથે શિખામણ કે અવેરનેસ વધારવાના હોમ વર્ક નો સમય ગાળો હવે પૂર્ણ થયો છે. સરકારે આપેલી લક્ષ્મણ રેખાનું બખ્તર હવે સ્વૈચ્છિક રહેશે, આવનાર કપરા સમયમાં ક્લબનો શાનદાર ભૂતકાળ વાગોળતા લાયોનેસ ક્લબ ક્રોસ સેવા કાર્યો તરફ આગળ વધશે. જે કાર્યો સોશિયલ ડીસ્ટન્સીંગ સાથેના રહેશે. સરકારના તમામ નિયમોને આધીન રહી અમે અમારી સેવાકીય પ્રવૃત્તિઓ ચાલુ રાખીશું. લાયોનેસ ક્લબ કોરોનામાં અસરગ્રસ્ત લોકોને મદદ કરવા આતુર છે. તથા આ મહામારીમાં યોગદાન આપનાર તમામ વોરિયર્સને અભિનંદન સાથે સલામી આપે છે.



**- દક્ષાબેન જાદવ, પ્રમુખ, લાયોનેસ ક્લબ**

# કોરોના દર્દીઓને ગોયેન્કા અને આર્યુવેદિક કોલજમાં સારવાર અપાશે

**ક્રિટીકલ દર્દીઓને ગાંધીનગર હોસ્પિટલ રાખવામાં આવશે, જયારે યંગ અને સ્ટેબલ દર્દીઓને ગોયેન્કા તેમજ આર્યુવેદિક કોલેજમાં ખાતે મોકલાશે**

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ કેમ્પસ સ્થિત ૬૦૦ બેડની હોસ્પિટલમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરાઈ છે. ત્યારે કોવીડ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે, અને કેટલાક સ્વસ્થ થઈને ઘરે ગયા છે. ત્યારે હવે કોવીડ હોસ્પિટલમાં આવતા દર્દીઓમાં યંગ અને સ્ટેબલ હોય તેવા દર્દીઓને ગોયેન્કા તેમજ આર્યુવેદીક કોલેજ કોલવડા ખાતે મોકલી આપવામાં આવશે. ગાંધીનગરથી અત્યાર સુધી અંદાજીત ૧૭ જેટલા દર્દીઓને ગોયેન્કા મોકલી આપવામાં આવ્યા છે તો બીજી તરફ ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ દર્દીઓમાં શ્વાસ લેવાની તકલીફ પડતી હોય અને વેન્ટીલેટરની જરુરીયાત પડે તેવા દર્દીઓને જ ગાંધીનગર સિવિલમાં રાખીને સારવાર આપવામાં આવશે.

ગાંધીનગરમાં કોરોના એ કહેર મચાવતા કોરોના પોઝીટીવ કેસનો આંકડો વધી રહ્યો છે. ગાંધીનગર શહેર-ગ્રામ્ય વિસ્તારને પણ કોરોના અજગરી ભરડામાં લઈ રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ૧૩૯ કેસ સામે આવ્યા છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓની સારવાર કરવામાં આવે છે. તે ઉપરાંત શંકાસ્પદ દર્દીઓ પણ મોટી સંખ્યામાં સારવાર હેઠળ છે. જેને પગલે કોવીડ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો રહે છે. જેથી તંત્ર દ્વારા ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ દર્દીઓમાં શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય તેમજ વેન્ટીલેટર પર રાખવાની જરુરીયાત ઉભી થઈ શકે તેવા દર્દીઓને ગાંધીનગર કોવીડ હોસ્પિટલ રાખવામાં આવશે. જયારે યંગ અને સ્ટેબલ દર્દીઓને કોલવડા આર્યુવેદિક અને ગોયેન્કા હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવશે. અત્યાર સુધીમાં અંદાજીત ૧૭ જેટલા દર્દીઓને ગોયેન્કા ખાતે રીફર કરાયા છે. જયારે એસએમવીએસ હોસ્પિટલ સાથે તંત્રની ચર્ચાઓ ચાલી રહી છે. તંત્રની મંજુરી મળતા સ્ટેબલ દર્દીઓને ત્યાં પણ મોકલી આપવામાં આવશે.

# માસ્ક વિના વેપાર કરતા વેપારી સહિત નાગરીકો પોલીસની ઝપટે

ગાંધીનગર, તા.૧૧

કોબા ખાતે સોશ્યિલ ડિસ્ટન્સ ન જાળવીને તેમજ મોં પર માસ્ક પહેર્યા વિના પ્રોવિઝન સ્ટોરમાં વેપાર કરતા જયંતિભાઈ નાગજીભાઈ પટેલ અને કનુભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. જયારે સેકટર-૭ પોલીસે સે-૫ સીએનજી પંપ પાસે ફ્રન્ટી કારમાં આગળ બેસીને પસાર થઈ રહેલા તિર્થ શંકરભાઈ બ્રહ્મક્ષત્રિય (વાવોલ) અને આરતી બેન જયંતિભાઈ પરમાર (સે-૧૫) તેમજ એકસેસ પર ડબલ સવારી નીકળેલા પાર્થરાજસિંહ વિજયસિંહ ચૌહાણ અને જાનવી વિજયસિંહ ચૌહાણ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

જયારે લોકડાઉનના સમયગાળામાં બિનજરુરી આંટાફેરા મારતા અને કામ સિવાય બેસી રહેલા પોલીસની ઝપટે આવી ગયા છે. જેમાં વાવોલમાંથી ૪, સેકટર-૨ માંથી ૨, સેકટર-૫ માંથી ૪, સે-૧૨ માંથી ૧, સે-૩ માંથી ૧, સે-૨૮ ખાતેથી ૧, ખોરજ ખોડીયાર રેલ્વે સ્ટેશન પાસેથી-૨, માધવગઢ ગામ નજીકથી ૧ તેમજ વીરાતલાવડીથી અને મેંદરાથી ૧નો સમાવેશ થાય છે. તમામ સામે પોલીસે જાહેરનામાં ભંગ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# કુદરતે કરવટ બદલી, લુપ્ત થતી ચકલીઓ દેખાઈ



ગાંધીનગર, તા.૧૧

સૃષ્ટિના સર્જનમાં કુદરતનો ભારોભાર કરિશ્મા રહેલો છે. દરેક સર્જન પાછળ કુદરતે તર્ક મુકયો જ છે પરંતુ આધુનિકતાની આંધળી દોટમાં વિશ્વભરમાં આ કુદરતના મુળભૂત ઉદ્દેશોનું સતત ઉલ્લંઘન થતું આવ્યું છે. પરિણામ સ્વરૂપ ભુકંપ, રોગચાળો તથા ઋતુચક્રમાં આવતા ભયંકર ફેરફારો માનવજીવન માટે આફત બનતા રહ્યા છે. દરમિયાન કોરોના નામની વિશ્વવ્યાપી મહામારીએ ભલભલા ધુરંધરોને વિચારતા કરી મુકીને તમામ પ્રવૃત્તિઓ બંધ કરવા મજબુર કર્યા છે જેને કુદરતી આપત્તિ પણ કેટલાક લોકો કરી રહ્યા છે. વિશ્વના તમામ દેશોએ આ મહામારીને નાથવા લૉકડાઉનનું શસ્ત્ર ઉગામ્યું છે જેને ભારત દેશમાં લગભગ ૪૭ દિવસ થયા છે ત્યારે આ લૉકડાઉનથી પ્રદુષણ, ઘોંઘાટ, ચહલપહલ તથા પ્રાણી જીવસૃષ્ટિની હત્યા જેવી પ્રવૃત્તિ બંધ થઈ જતાં કુદરતે ફરીથી કરવટ બદલીને ખીલી ઉઠી છે. જેમાં અગાઉ લુપ્ત થયેલી પ્રજાતિ પણ બહાર આવી આનંદવિભોર બની છે તેનું એક દશ્ય કેમેરામાં રાત્રીએ કેદ થયું છે. જેમાં ચકલીઓ રાત્રીના સમયે વૃક્ષની ડાળી ઉપર આરામથી બેસી કુદરતના આ બદલાવને આવકારી રહી છે. દિવસ દરમિયાન પણ આ ચકલીઓની ચીં ચીં સાથેની ઉડાઉડ માનવવસ્તી માટે પણ સંતોષનું કિરણ બની છે.

## ચિરવિદાય

- સ્વ. રમીલાબેન મણીલાલ સથવારા, ઉ.વ. ૫૬
- સ્વ. ડાભી મનોહરસિંહ રામસિંહ, ઉ.વ. ૫૪
- સ્વ. સોનલબેન, ઉ.વ. ૪૫
- સ્વ. પટેલ અરવિંદકુમાર મંગળભાઈ, ઉ.વ. ૫૭

# ડી-માર્ટે હોમ ડિલિવરીના ઓર્ડર લીધા અને ડિલિવરી ના કરતાં ગ્રાહકો ફસાયા

## સંપૂર્ણ લોકડાઉન લાગુ પડી જતાં ગ્રાહકોની હાલત ધોબીના કુતરા જેવી થઈ : ના તો ડી-માર્ટે સામાન આપ્યો ના ખરીદી કરવા બીજે જઇ શક્યા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં વધતાં જતાં કોરોના સંક્રમણના કારણે શનિવાર સાંજથી તા. ૧૭મી મે સુધી સંપૂર્ણ લોકડાઉન અમલમાં આવ્યું છે. જેમાં શહેરમાં દૂધ-દવા સિવાયના તમામ વેપાર-ધંધા જેમાં અનાજ-કરિયાનું, શાકભાજી-ફળફળાદિ વગેરે સહિત દરેક ચીજવસ્તુઓની દુકાન કે ફેરી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સ્થિતિમાં અનેક નાગરિકો આ એક સપ્તાહથી વધુના સંપૂર્ણ લોકડાઉનમાં પોતાના પરિવાર માટે જરૂરી ચીજવસ્તુઓ લેવા બજારોમાં ધસી ગયા હતા પરંતુ જે નાગરિકો કોઈપણ કારણોસર જાતે બજારમાં જઈ શકે તેમ નહોતા તેમણે ડી-માર્ટ જેવા શોપિંગ મોલમાંથી હોમ ડિલિવરી માટે ઓનલાઈન ઓર્ડર નોંધાવ્યો હતો. જે વહીવટી તંત્ર દ્વારા પણ સૂચવવામાં આવ્યું હતું પરંતુ અનેક ગ્રાહકોને ડી-માર્ટ જેવા શોપિંગ મોલે ગ્રાહકને તેના ઓર્ડર બુક કરી લીધા પછી ડિલિવરી માટે સમય પણ ફાળવી દીધો હોવા છતાં છેક છેલ્લી ઘડી સુધી ગ્રાહકોને ઓર્ડરની ડિલિવરી કરી નહોતી જેના કારણે આવા ગ્રાહકોની હાલત ધોબીના કૂતરાની જેમ ના ઘરના કે ના ઘાટના જેવી થવા સાથે કફોડી થવા પામી છે.

### ઓર્ડર એકસાથે વધી ગયા અને અચાનક લોકડાઉન લાગુ પડ્યું

ડી-માર્ટના એક અધિકારીએ પોતાનું નામ નહીં આપવાની શરતે ગાંધીનગર સમાચારને જણાવ્યુ હતું કે "અમારી હોમ ડિલિવરી માટેની સિસ્ટમ આખા દેશમાં એક જ સ્થળેથી કામ કરે છે તેથી તે સિસ્ટમને ખબર નથી હોતી કે દેશના કયા શહેરના કયા ભાગમાં શું પરિસ્થિતિ છે, અમારી સિસ્ટમ પર અચાનક હોમ ડિલિવરીના ઓર્ડર ખૂબ વધી ગયા અને અમારી પાસે પૂરતો સ્ટાફ પણ લોકડાઉનને કારણે હાજર નહોતો. વળી, સ્થળ પર પણ ટોકન સિસ્ટમ સિવાયના ગ્રાહકોનો પણ ધસારો વધી ગયો હતો જેથી પોલીસ પણ બોલાવવી પડી હતી. અનેક સેક્ટરોમાં તો કેટલાક વિસ્તારો કન્ટેન્મેંટ ઝોન હોવાથી ડિલિવરી કરવા પ્રવેશ મળી શક્યો નથી. આ સ્થિતિમાં અનેક ગ્રાહકોને ડિલિવરી થઈ ના શકે તે સ્વાભાવિક છે."

ગાંધીનગરના સેક્ટર-૧૨માં એક ગ્રાહક સહિત શહેરમાંથી અનેક ગ્રાહકોએ ડી-માર્ટમાં રૂબરૂ જઈને કોરોના સંક્રમણનું જોખમ લેવાને બદલે વહીવટી તંત્રએ સૂચવેલ અને ડી-માર્ટ દ્વારા આપવામાં આવતી હોમ ડિલિવરી સિસ્ટમમાં ઓર્ડર નોંધાવ્યો હતો. ઓનલાઈન ઓર્ડર બુક થઈ ગયો હોવાનું કન્ફર્મેશન મળી જતાં ડી-માર્ટ દ્વારા ગ્રાહકને ડિલિવરી કરવા માટે તેમના કર્મચારી ક્યારે ગ્રાહકના ઘરે આવશે તેનો ટાઈમ સ્લોટ પણ ફાળવી દેવામાં આવ્યો હતો જેથી ગ્રાહકોને પણ હાશકારો થયો હતો કે ઘરે બેઠા જરૂરી ચીજવસ્તુઓ મળી જશે અને લોકડાઉનમાં ભીડ વધારવા બહાર જવાની પણ જરૂર નહીં પડે. જોકે ગ્રાહકોની આશા ઠગારી નીવડી હતી અને તેમણે ડી-માર્ટ દ્વારા છેલ્લી ઘડી સુધી તેમના ઓર્ડરની ડિલિવરી કરવામાં આવી નહોતી. આ બાબતે ગ્રાહકોએ ડી-માર્ટને ઓનલાઈન અને ઈમેલ કરી ફરિયાદ પણ નોંધાવી અને કસ્ટમર કેર પર ફોન પણ કર્યા પરંતુ ડી-માર્ટ દ્વારા કોઈ સંતોષકારક ઉત્તર કે ઉકેલ તેમણે પ્રાપ્ત થયો નહીં હોવાનું ગ્રાહકો જણાવી રહ્યા છે. આ સ્થિતિમાં શહેરમાં હવે સંપૂર્ણ લોકડાઉન લાગુ પડી જતાં ગ્રાહકો સલવાઈ ગયા છે કેમ કે હવે ડી-માર્ટ તેમના ઓર્ડરની ડિલિવરી કરવાનું નથી અને ગ્રાહકો પોતાને જરૂરી ચીજવસ્તુઓ અન્ય દુકાનેથી ખરીદી શકવાના નથી. ખુદ ડી-માર્ટ દ્વારા સેક્ટર-૧૨ના ગ્રાહકના ઈમેલના જવાબમાં વધારે પડતાં ગ્રાહકોની ફરિયાદો પ્રાપ્ત થઈ હોવાથી તમારી ફરિયાદનો જવાબ આપવામાં મોડુ થશે તેવું સ્વીકારવામાં આવ્યું છે. આ સ્થિતિમાં ગ્રાહકોની ફરિયાદ છે કે જો ડી-માર્ટ દ્વારા ડિલિવરી શક્ય નહોતી તો તેમણે ઓર્ડર કેમ બુક કર્યો? ડિલિવરી થઈ શકે તેમ ના હોય તો ગ્રાહકોને વહેલા જાણ કરી સેલ્ફ પિકઅપનો વિકલ્પ કેમ ના આપ્યો?